અપીલ અરજી નં.૧૮૮ તા.૨૯–૯–૦૮

અરજદારઃ શ્રી અમરનાથ ત્રિપાઠી
સામાવાળાઃ કાર્યપાલક ઈજેનર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

**હુકમઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અમરનાથ ત્રિપાઠીની તા.૨૨–૮–૦૮ ની અરજીથી ઉધનાગામ લીઓ કલાસીસ પાછળ મહાદેવ મંદિર પાસે મિલ્કત નં.૪૩ ની બાજુમાં ચાલતાં બાંધકામની સુરત મહાનગરપાલિકા તરફથી આપેલ પરમીશનની વિગત આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૪–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૮૮/૨૦૦૮–૦૯

શ્રી અમરનાથ ત્રિપાઠીની તા.૨૨–૮–૦૮ ની અરજીથી ઉધનાગામ લીઓ કલાસીસ પાછળ મહાદેવ મંદિર પાસે મિલ્કત નં.૪૩ ની બાજુમાં ચાલતાં બાંધકામની સુરત મહાનગરપાલિકા તરફથી આપેલ પરમીશનની વિગત આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૪૬૯૮ તા. ૧૧ –૯–૦૮ થી પત્રથી બાંધકામનું ક્ષેત્રફળ તથા કેટલા માળની પરમીશન આપી છે તેની વિગતવાર માહિતીનું સ્પષ્ટીકરણ નહીં મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૧૭ તા.૪–૧૦–૦૮ થી કાર્યપાલક ઈજેનર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી.

અરજદારે મુળ અરજીમાં ઉધનાગામ લીઓ કલાસીસ પાછળ મહાદેવ મંદિર પાસે મિલ્કત નં.૪૩ ની બાજુમાં ચાલતાં બાંધકામની સુરત મહાનગરપાલિકા તરફથી આપેલ પરમીશનની વિગત આપવા જણાવેલ. અરજદારે અપીલ અરજી સાથે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૧–૯–૦૮ ના રોજ આપેલ માહિતીનો પત્ર સામેલ કરેલ છે. જે અનુસાર અરજદારે મુળ અરજીમાં નિર્દિષ્ટ મિલ્કતની પરમીશનની વિગત જ માંગેલ જે તેમને મળેલ જણાય છે. અપીલના તબકકે અરજદારે બાજુની મિલ્કત તરફે બારી અને માળ વિગેરેની અલગ વિગતો માંગેલ છે. જેનો સમાવેશ મુળ અરજીમાં નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૨–૮–૦૮ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડેલ હોઈ અપીલ અરજી અંગે કંઈ કરવાનું રહેતું નથી આથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારે અપીલ અરજીમાં જણાવેલ અલાયદા માહિતી અંગે ઈચ્છુક હોય તો લાગત જાહેર માહિતી અધિકારીને કાયદા અને નિયમની જોગવાઈ હેઠળ અલગ અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,ઉધનાઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અમરનાથ ત્રિપાઠી